હિંદના દાદાની ૯૦ મી જયંતી પ્રસંગે પ્રગટ કરેલા

દેશગીત.

स्वदेशसेवैव महाव्रतं स्यात्

સંગ્રહ કરનાર અને પ્રકાશક,

જીવણલાલ વ્રજરાય દેસાઈ.

બી. એ. બારીસ્ટર એટ લૉ. અમદાવાદ.

અમદાવાદ.

ટંકશાળ ની "યુનિયન" પ્રીન્ટિંગ પ્રેસ કુા. લી. માં

મોતીલાલ શામળદાસ છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૫.

કીંમત ૧ પૈસો.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
૫૭૧૨૭
કૉપીરાઈટ સંગ્રહ

રાજરાજેન્દ્ર પંચમ જ્યૉર્જને

હો આપમાં અકબરની આત્મ શાંતિ !
હો રામચંદ્રજી તણી વિભુ પુણ્ય કીર્તિ !
હો ધર્મરાજ સમ ધર્મની વાસનાઓ !
કલ્યાણ આપનુંજ આપ પ્રજાનું થાઓ !

\+ + + +

સૂર્યને ચંદ્ર બે નેત્રો જેવા મહા વિરાટના,
રાજા અને પ્રજા એવા નેત્રો બે રાજ્ય દેહના.

\+ + + +

રાજા પ્રજાના ઉર મેળ જ્યહાં હશે;
સંવાદી વિણા ગીત શેભી ગુંજશે,
જો એક કંપ્યે અનુકંપ ના થશે;
તો રાજ્ય વીણા બસુરીજ બોલશે.

\+ + + +

સ્નેહ સત્યે, ન્યાય સંપે, આધારે એક મેકને,
ખીલવો, દેહ અંગો શાં, સૌ મહારાજ્ય અંગને;
પૂર્વ પશ્ચિમના યોગ પ્રભુ નિર્મેલ આ કંઈ,
પોષજો એહને, રાજન્! સદ્‌ગુણોને લઇ દઈ.

\+ + + +

પુત્ર પુત્રી સમાં જાણી પ્રજાના નરનારને,
કોમારે પોષજો સૌને, માનજો મિત્ર યૌવને.

કવિ નાનાલાલ.

જય જય ગરવી ગુજરાત.

જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પરભાત. જય૦
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી,
પ્રેમ શૌર્ય અંકિત;
તું ભણુવ ભણુવ નિજ સંતતિ સહુને,

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૭૧૪ वर्गांक

पुस्तकनुं नाम દેશગાન

विषय ૮-:૬૨૧

પ્રેમ ભક્તિની રીત—
ઉંચી તુંજ સુંદર જાત. જય૦
નદી તાપી નર્મદા જોય,
મહીને બીજી પણુ જોય.
વળી જોય સુભટના જુદ્ધ રમણુને,
રત્નાગર સાગર.
પર્વત ઉપરથી વીર પૂર્વજો,
દે આશિષ જયકાર—
સંપે સોહે સહુ જાત. જય૦
તે અણુહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગ થકી પણુ અધિક સરસ રંગ,
થશે સત્વરે માત.
શુભ શકુન દિસે મધ્યાન્હ શોભશે,
વીતી ગઇ છે રાત.
જન ધુમે નર્મદા સાથ. જય૦

સ્વ. કવિ નર્મદાશંકર.

મહજ્જન પૂજન.

આશાવરીની ધૂનમાં.

આવો અમારા દેશમાં પૂજન તમારૂં થાય છે,
સર્વસ્વ જેના સ્વાર્થનો રસ દેશમાં વહી જાય છે.—આવો.
જેણે ફકીરી આદરી પરમાર્થ જેનો સ્વાર્થ છે,
તે સત્ય વાણી અભય વરદા એકલો પૂજાય છે.—આવો.
જેનું હ્રદય ધડકી રહ્યું નિજ દેશના ધડકારમાં,
એ પુનિત સુંદર હ્રદયવરનું પ્રેમ પૂજન થાય છે.—આવો.
જેણે ગણ્યું આ જીવિત સરખું તુચ્છ પરદુ:ખ આગળે,
પરમેશ દીવ્ય મનુષ્ય એકજ એજ અહિં પૂજાય છે.—આવો.

જેને હજારો દુઃખ દેશની અર્થે પુષ્પ સમાન તે,
એ પુષ્પના ભર ગુચ્છની મૃદુ માળમાં મ્હેંકાય છે.—આવો.

તે વીર ધીર મહન્ત પ્રેમી આવજો અમ મંદિરે,
જ્યાં હિન્દના દાદા તણું છે આદર્યું પૂજન અમે.—આવો

કુંકુમ ભર્યે પગલે પધારી આંગણું પાવન કરી,
અમ ગરીબ જનના હૃદયને અભરે ભરો અમી ધારથી.—આવો.

રા. મગનભાઈ ચતુરભાઈ,
બેરીસ્ટર ઍટ–લૉ.

મુજ દેશ બંધુને.

ગઝલ કવાલી.

અરે મુજ દેશ બંધુ હો ! નશું હિંદ આપણી માતા !
ભુલી ભેદો પ ભેદોને નહીં કાં એક સૌ થાતા !

ભલે બંગાળી પંજાબી ભલે તૈલંગી મદ્રાસી !
ભલે દક્ષિણી ગુજરાતી ન શું સૌ હિન્દના વાસી !

ભલે હો હિન્દુ મુસલમાન ભલે હો પારસી કીરસ્તાન !
પરંતુ બંધુ એ સૌએ નહી શું હિન્દના સંતાન !
સુધારક કે રૂઢીરક્ષક ભલે મિતવાદી કે ઉદ્દામ !
રૂચે જે તે ભલે હોયે જુદાઇ તેથી શાને આમ !
સહુ હિંદીની રગમાં શું ન લોહી હિંદનું વ્હેતું !
જરૂર સંતાન ભારતનાં સઉ આપણ બંધુ છિએ.

રા. ચંદ્રશંકર નર્મદાશંકર,
બી. એ. એલ. એલ. બી.

ભવ્ય ભરત ભૂમિ.

(૧)

અમ ભવ્ય ભરત ભૂમી આએ—
વડી બ્રહ્મવેદિ અમ આએ.

વસિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, ભરદ્વાજ, ઉદ્દાલકાદિના
શુદ્ધ સનાતન બ્રહ્મ તેજથી જે ઝળહળે સદાએ,
અમ ભવ્ય ભરત ભૂમિ આએ—
બ્રહ્મ રસે ભીના રૂષિવરની બ્રહ્મવેદિ અમ આએ !

(૨)

અમ ભવ્ય ભરતભૂમિ આએ—
વડું તપોવન જ અમ આએ.
બાદરાયણે વ્યાસ, જૈમિનિ, કણાદ, ગોતમ કપિલ, પાણિનિ,
પતંજલિ, વાત્સાયન, આદિની
પ્રૌઢ વાણી જ્યાં હજીએ ઉત્સુક કર્ણે નિત્ય પીવાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આએ-
વર્ચસ્વી ધ્યાનલીન મુનિનું તપોવન જ અમ આએ !

(૩)

અમ ભવ્ય ભરતભૂમિ આએ-
વડું પુણ્ય ભુવન અમ આએ;
બ્રહ્મવાદિની ગાર્ગી, અરૂંધતી, મૈત્રેયી, સાવિત્રી સીતા સતી,
દમયંતી, દ્રૌપદી, તારામતી, કમલાવતી, દુર્ગાવતી, કુલવતી–
સતીની સાશ્વત કીર્તિ ગાઈ જ્યાં કુલવધૂ કૃતાર્થ થાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આએ—
સરસ્વતીની લાડલી સખીનું પુણ્ય ભુવન અમ આએ !

(૪)

અમ ભવ્ય ભરતભૂમિ આએ—
વડું વીરક્ષેત્ર અમ આએ.
ભાર્ગવ, રાઘવ, ભીષ્મ, ભીમ ને દ્રૌણ, કર્ણ અભિમન્યુ, અર્જુને
મૌર્યશકારિ, સિદ્ધરાજને હઠ હમીર ચહુઆણ તાજ તે.
પૃથુ જયમલ્લ પ્રતાપ આદિને
નામે અમર ઉછળે ઉર જ્યાં આર્ય તણાં ઉત્સાહે,
અમ ભવ્ય ભરતભૂમિ આએ—
સત્કીર્તિ રસિક વીરવર્યનું વીરક્ષેત્ર અમ આએ !

(૫)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડી કાવ્ય કુંજ અમ આ એ,
રામાયણ ભારતના ઋષિ કવિ; કાલિદાસ, ભવભૂતિ, ભ...
દંડી, બાણુ, જયદેવ, હાલ કવિ પ્રવરસેન, સુરચંદ, ચંદ...
તુલસી, પ્રેમાનંદ પુરા કવિ, ભારતેંદુ બંકિમ, ત્રીપાઠી વગા
નવીન પ્રસાદી રસામૃતની જહિં અખુટ અવનવી પાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
અમર કવીશ્વરની કોડામણિ કાવ્ય કુંજ અમ આ એ !

(૬)

અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
વડી આર્ય માત અમ આ એ,
ચરણ પખાળે જલધિ પ્રીતથી, ષડઋતુ પૂજે પુષ્પ પત્રથી,
ભાનુ કરે ત્રણ કાળ આરતી, વાયુ વાયે ત્રિવિધ સદા ગતિ,
નિર્મળ નદીઓ લલિત લાસ્યથી મૃદુ મર્મર કલરવ-વિલાસથી
સુજસ દીસે દશ દિશ પ્રકાશતી,
પ્રેમ તણો ઉપહાર અર્પી વળી જય જય જય જન ગાયે—
જય જય જય જય જન ગાયે,
અમ ભવ્ય ભરતભૂમિ આ એ—
ભૂમંડળ મંડન જન નંદન ધન્ય માત અમ આ એ !

રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ,
બી. એ.

જય ! હિન્દ બાળ આપણુ હો !

અયે હિન્દ બાળ આપણુ હો !
જય ! જય ! હિન્દ બાળ આપણુ હો !
ક્યમ તનમન હૃદય ન નાચી રહે,
ક્યમ રગરગ રક્ત ન કૂદી વહે,
ક્યમ યોગ્ય ખુમારી ન શિર ચહે,
બસ હિન્દ—૦—અયે૦

ભલે મૂઢ કો' હિન્દ નમાલી કહે,
ભલે અવગુણ કો' ભલી હિન્દ લહે,
પણ દિવ્ય ભૂમિ આ એકજ છે,
તે હિન્દ—૦—અયે૦

ભઇ હિન્દ સમી રમ્ય બીજી કહીં ?
મૃદુ વિશ્વ ખુબી હસી હીંચી અહિં,
સુરી સાત્વિક લહર શીત સીંચી રહિ,
તે હિન્દ—૦—અયે૦

સૌ ધર્મી આવો હળી મળીયે,
નૂરે હિન્દ ઝળવવા પણ લઇએ,
કયમ માંહિં માંહિં કાપી લડી મરીએ,
સૌ હિન્દ—૦—અયે૦

કદી નિજ–હિતી કો' લડવા પટવે,
ચૂર નયન શરે કરીએ શઠને,
ગિરિ–નિશ્ચયથી વદી હર ડગલે,
સૌ હિન્દ બાલ—૦—અયે૦

સૌ આવો આવો પણ લઇએ,
કયમ ભીરૂ બની પાછા પડીએ,
છો પ્રાણ પડે નહિ પીઠ ધરીએ,
જય હિન્દ બાલ—૦—અયે૦

ડૉ. ચંદુલાલ મણીલાલ દેસાઇ.
એલ. ડી. એસ.

પ્રભુ તમને શું પૂછશે ?

તમે કેટલા બંગલાઓ બનાવ્યા ?
તમે કેટલા દામ ગાંઠે બચાવ્યા ?
ચલાવી તમે કેટલી ત્યાં દુકાનો ?
પ્રભુ તે તમોને નથી પૂછવાનો.
તમે કેટલી રોજ ચીરોટ ફૂંકી ?

તમે કેટલી વાપરી વ્હાય ભૂકી ?
તમે ચાવતા કેટલા રોજ પાનો ? પ્રભુ૦ ૨

કઈ જાતના પ્હેરતા બુટ જોડા ?
ઘરે રાખતા કેટલા ગાય ઘોડા ?
હતા કેટલા ગાડીને ગાડીવાનો ? પ્રભુ૦ ૩

તમે કેટલી ભાઈ ભાષા ભણ્યા છો ?
બી. એ., એમ.એ.,એમ. ડી.શું થયા છો ?
થયા જે. પી. છો, યાંદ સી. આઈ. ઈનો ? પ્રભુ૦ ૪

કઈ જાતનાં બાળતા ઘેર લેમ્પો ?
કઈ ટાઈ, ને પીન, કોલર કેપો ?
બીજો ડ્રેશ કેવો હતો પહેરવાનો ? પ્રભુ૦ ૫

તમે કેટલા વસ્ત્ર ભેળા કર્યાં છે ?
કઈ જાતના અત્તરો વાપર્યાં છે ?
તમે વાપર્યાં પાન ગુલાબદાનો ? પ્રભુ૦ ૬

તમે કેટલા નાટકો ખેલ જોયા ?
તમે સર્તમાં કેટલા દામ ખોયા ?
લીધો લ્હાવ શું સોરટી જીતવાનો ? પ્રભુ૦ ૭

ઉનાળે હવા સારૂં કયે ઠામ જાતા ?
તમે રેલવેમાં કયો વર્ગ લેતા ?
કરી કેટલી મીજબાની જુવાનો ? પ્રભુ૦ ૮

મુલાકાત લીધી તમે હોટલોની ?
ભાગી ગરદનો કેટલી બોટલોની ?
લવેન્ડર અને સેન્ટની શીશીઓની ? પ્રભુ૦ ૯

તમે કેટલું દીનને દાન દીધું ?
ગરીબો તણું શું તમે હિત કીધું ?
કરી શી તમે દેશની સેવનાઓ ?
પ્ર૦ ે તમોને નક્કી પૂછવાનો. ૧૦

—મુનીશ્રી છોટાલાલજી મહારાજ